For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# વડોદરા પાલિકા કચેરીએ ટ્યૂબ, દોરડા સાથે સ્થાયી અધ્યક્ષના નિવેદનનો વિરોધ



(પ્રતિનિધિ) વડોદરા તા. 11
લોકોએ પૂર માટે જાતે તૈયારી કરવી પડશે એવા સ્થાયી ચેરમેન ના નિવેદનનો વિરોધ પાલિકા કચેરી ખાતે ટ્યુબ અને દોરડા લઈ જઈને કરવામાં આવ્યો હતો.

શહેરમાં ગત મહિને કુદરતી કરતાં માનવસર્જિત પૂરે આખા શહેરને ડૂબાડ્યુ હતું. પાલિકા તંત્ર દ્વારા જે રીતે પ્રિમોન્સુનની કામગીરી માટે ખર્ચા કર્યા હતા, બેઠકો યોજી કાગળો ઉપર જે રીતે મોટા મોટા પ્લાન તૈયાર કર્યા હતા તે તમામ પર પાણી ફરી વળ્યું હતું અને પ્રથમવાર ગત જુલાઈ મહિનામાં જ પ્રિમોન્સુનની કામગીરી ની પોલ ખુલ્લી પડી ગઈ હતી. વડોદરા મહાનગરપાલિકાના સ્થાઈ ચેરમેન જ્યારથી પદ પર આરુઢ થયા છે ત્યારથી વિવાદોમાં ઘેરાયેલા રહે છે. હવે વધુ એક નિવેદન તેમણે આપ્યું છે કે, લોકો ભારે વરસાદમાં સોસાયટી દીઠ તરાપો વસાવે, ટ્યૂબ, દોરડું, ટોર્ચ વસાવે એમનો કહેવાનો મતલબ પાલિકા તંત્ર પર આધાર ન રાખે આત્મનિર્ભર બને. પાલિકા ફક્ત સુવિધાઓના નામે વેરો ઉઘરાવશે પ્રાથમિક સુવિધાઓ તો યોગ્ય રીતે નથી આપી શકતું પણ સાથે સાથે પછી આપત્તિ વ્યવસ્થાપન નહીં આપી શકે.ત્યારે શહેરના સામાજિક કાર્યકરો અતુલ ગામેચી, કમલેશ પરમાર, પંકજ દર્વે અને મહેન્દ્રસિંહ રાઠોડે ટ્યુબ, દોરડા સાથે પાલિકા કચેરી ખાતે પહોંચી અનોખો વિરોધ નોંધાવ્યો હતો.

**ટ્યુબ, તરાપા વસાવે એવી નિવારક ચેતવણીનો માર્મિક ભાવાર્થ ઘણા લોકો સમજી શક્યા નથી!**

## સ્થાયી અધ્યક્ષનું સુતરની આંટી પહેરાવી સન્માન કરો : શૈલેષ અમીન

**સ્ટેન્ડિંગ** કમિટીના ચેરમેન ડો.શીતલ મિસ્ત્રીને વિશ્વામિત્રી બચાવો સમિતિએ પત્ર લખ્યો


(પ્રતિનિધિ) વડોદરા,તા.11
વડોદરા શહેરની વિશ્વામિત્રી બચાવો સમિતિના અગ્રણી શૈલેષ સમીને પાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષને પત્ર લખી જણાવ્યું છે કે વડોદરા શહેરમાં સંપૂર્ણ સત્ય બોલનારા,નગરજનોના જાનમાલની સાચે જ ચિંતા કરનારા ડો.શીતલ મિસ્ત્રી એટલા આપ જ છો. આપે જે કહ્યું કે "વડોદરાના તમામ લોકોએ જો પોતાનો જીવ બચાવવો હોય તો ટ્યુબ, તરાપા વસાવી લેવા જોઈએ" એ વાત બિલકુલ સાચી છે. નગરજનો આગામી વર્ષોમાં પુરથી તણાઈને જીવ ગુમાવે નહિ એટલે ટ્યુબ, તરાપા વસાવે એવી નિવારક ચેતવણીનો માર્મિક ભાવાર્થ ઘણા સમજી શક્યા નથી.

ભલે આપ સીધેસીધું એમ નથી કહી શકતા કે, આપના ભાજપ પક્ષ દ્વારા છેલ્લા ૩૦ વર્ષના શાશને વિશ્વામિત્રી નદીની જમીન અને નદીના નીચાણવાળા કોતરોને બિલ્ડરો સાથે ભ્રષ્ટાચારી મિલીભગત કરીને પુરાણ કરી આપી, પ્રતિબંધિત વિસ્તાર-૧નો ઝોન બદલી આપીને વેચી ખાધા છે. એવી જ રીતે વડોદરા શહેરમાંથી પસાર થતી કુદરતી વરસાદી કાંસની જમીનોમાં બિલ્ડરો સાથે ભ્રષ્ટાચારી ભાગીદારી કરીને પુરાણ કરી આપી, સાંકડી કરી આપી, બંધ ટનલ બનાવી આપી બિલ્ડરો સાથે ભાજપાના પૂર્વ પદાધિકારીઓ પણ ખુબ કમાયા છે. વિશ્વામિત્રી નદીની જમીનો ઉપર દબાણ કરનારા અને નદીના નીચાણવાળા કોતરો પૂરી નાખવામાં કેટલાય ભાજપી આગેવાનોના મોટા બંગલા અને ભાગીદારીવાળી રહેણાંક સ્કીમો બની ગઈ છે.

**પૂર માટે જવાબદાર શાસકો રાજીનામા આપે**

## ભ્રષ્ટાચાર અને દબાણોના કારણે વિશ્વામિત્રી નદી કાંસમાં ફેરવાઈ : અમી રાવતના આક્ષેપ

**છેલ્લા** 30 વર્ષમાં ઘણી વખત પૂર આવ્યા પણ આજ દિન સુધી કોઈ નક્કર આયોજન નથી



(પ્રતિનિધિ) વડોદરા તા.11
વડોદરા મહાનગરપાલિકાના પૂર્વ વિપક્ષે નેતા અને હાલના કોંગ્રેસના કાઉન્સિલર અમીબેન રાવતે બુધવારે આપેલા નિવેદનમાં માહિતી આપતા જણાવ્યું હતું કે,ભાજપના 30 વર્ષના શાસનમાં વડોદરામાં ભ્રષ્ટાચાર અનઘઢ આયોજન,પ્લાનિંગના અભાવના કારણે વિશ્વામિત્રી નદી કાંસમાં ફેરવાઈ ગઈ છે.કાંસો પુરાઈ ગઈ છે અનેક ઠેકાણે દબાણો થયા છે. તળાવ પુરાઈ ગયા છે અને વડોદરા શહેરની હવે સાત આઠ ઇંચ વરસાદમાં ગંભીર પરિસ્થિતિ થાય છે. 24 જુલાઈ અને 26 ઓગસ્ટે જે પુર આવ્યા,વડોદરાવાસીઓ કોઈ દિવસ આને ભૂલી નહિ શકે.છેલ્લા 30 વર્ષમાં ઘણી વખત પૂર આવ્યા પણ આજ દિન સુધી કોઈ આયોજન નથી કર્યું અને હવે શાસક પક્ષના પદાધિકારીઓ સૂફિયાણી સલાહ આપી રહ્યા છે.

વડોદરાના નાગરિકોને હવે સમજવાની જરૂર છે કે, શાસક પક્ષે હાથ અધ્ધર કરી દીધા છે.એ લોકો તમારી વહારે નથી આવવાના તો ટેક્સ શા માટે લો છો? તમામ પદાધિકારીઓએ પોતાની જવાબદારી સ્વીકારી અને રાજીનામાં આપી દેવા જોઈએ તેમ જણાવ્યું હતું.



નવલખી કૃત્રિમ તળાવ

**શ્રધ્ધાળુઓએ બાપ્પાને ભાવસભેર વિદાય આપી**

# પાંચમા દિવસે શ્રીજીનુ કૃત્રિમ તળાવોમાં શ્રધ્ધાભેર વિસર્જન

**પાલિકા** તંત્ર દ્વારા કૃત્રિમ તળાવ ખાતે તરાપા, લાઇટ, ડસ્ટબીન, ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ, સિક્યુરિટી સહિતની વ્યવસ્થા કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.11
ગત શનિવારે ગણેશચતુર્થી થી શહેરમાં વિઘ્નહર્તા શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્કારી નગરીના લોકોએ પોતપોતાની આસ્થા, શ્રધ્ધા અને માનતા મુજબ દોઢ દિવસ, ત્રણ દિવસ તો કોઈએ પાંચ, સાત અને દસ દિવસ માટે શ્રીજીની સ્થાપના કરી હતી જેમાં આજે પાંચમા દિવસે શ્રધ્ધાળુઓએ બાપ્પાને ભાવવિભોર વિદાય સાથે વિસર્જન કર્યું હતું ત્યારે શહેરના નવલખી ખાતે આવેલા કૃત્રિમ તળાવ ખાતે ભક્તો ગાડી, ટુવ્હિલર, પગપાળા વિગેરેમાં શ્રીજીની પ્રતિમાઓ સાથે પહોંચ્યા હતા અને શ્રીજીની આરતી બાદ પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. શહેરમાં શ્રીજીની વિસર્જન યાત્રાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ, ટ્રાફિક પોલીસ તથા પાલિકા તંત્ર દ્વારા તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી જેમાં પાલિકા તંત્ર દ્વારા તળાવો ખાતે તરાપા, લાઇટ, પાણી પંપ, ડસ્ટબીન, એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડની ટીમ તથા સુરક્ષા માટે પોલીસ તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી બીજી તરફ ટ્રાફિક પોલીસ દ્વારા પણ શ્રીજી વિસર્જનયાત્રા માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરના નવલખી કૃત્રિમ તળાવ ખાતે શહેરના ન્યાયમંદિર, માંડવી, નવાબજાર, અકોટા, સહિતના વિસ્તારોમાંથી શ્રીજીનુ વાજતેગાજતે વિસર્જન કરવામાં આવ્યું હતું.

**ગત વર્ષે 5 કૃત્રિમ તળાવોમાં 11161 પ્રતિમાનું વિસર્જન કરાયું હતું**

## ગણેશ વિસર્જન માટે પાલિકા દ્વારા ચાલુ વર્ષે વધુ 3 કૃત્રિમ બનાવાયા

**ભાયલી** પ્રિયા સિનેમા બાજુમાં, ખોડિયારનગર જીઓ પેટ્રોલ પંપ સામે તથા લેપ્રેસી ગ્રાઉન્ડમાં નવા ત્રણ તળાવ બનાવાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.11
ગણેશોત્સવ દરમિયાન ગણપતિના વિસર્જન માટે પોલીસ અને પાલિકા દ્વારા ગત વર્ષે શહેરના પાંચ વિસ્તારમાં કૃત્રિમ બનાવ્યા હતા. જેમાં 11161 શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન કરાયું હતું. ગત વર્ષ કરતા આ વર્ષે લોકોની સુવિધા તથા ટ્રાફિક સહિતના અડચણ ન થાય માટે વધુ ત્રણ તળાવો સાથે આઠ તળાવો બનાવાયા છે.વધુ ત્રણ બનાવવાના કારણે હવે લોકોએ દુર સુધી લાંબો ફેરો પડશે નહી. ઉપરાંત તંત્ર દ્વારા પણ લોકોને કૃત્રિમ તળાવોમાં પ્રતિમાનુ વિસર્જન, રુટની જાહેર સોશિયલ મીડિયા તથા પ્રેસનોટ દ્વારા કરાઈ છે.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં શ્રદ્ધાળુ દ્વારા ગણેશોત્સવ દરમિયાન શ્રીજીની પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું છે. ત્યારે પુજા અર્ચના કર્યા બાદ પ્રતિમાઓનું દોઢ, ત્રણ, પાંચ, સાત અને દસ દિવસ વિસર્જન કરાય છે. ત્યારે પાલિકા દ્વારા વિસર્જન કરવા માટે ગત વર્ષે શહેરના પાંચ જગ્યા પર કૃત્રિમ તળાવો બનાવાયા હતા. ત્યારે આ વર્ષે વડોદરા મહાનગર પાલિકા દ્વારા ગત વર્ષના પાંચ ઉપરાત વધુ ત્રણ કૃત્રિમ તળાવોનું નિર્માણ કરાયું છે. ત્યારે સ્થાનિક પંડાલોના આયોજકો તથા ઘરોમાં સ્થાપના કરેલી મૂર્તિઓના ઘર માલિકો વિસર્જનની માહિતી સરળતા થી મળી રહે તેમજ બિનજરૂરી ટ્રાફિક અડચણ ન થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે માટે પોલીસ દ્વારા સ્થાનિક ગણેશ પંડાલઆયોજકો સાથે મીટિંગ કરી પ્રતિમાઓનું કૃત્રિમ તળાવમાં વિસર્જન કરે તેના માટે સમજ અપાઈ છે. ઉપરાંત કૃત્રિમ તળાવો, ડીજે વાહનોના ડાઈવર્ઝન રૂટ તથા ઘે જવા માટે રિવર્સ રુટની જાગૃતિ માટે પેમ્પલેટ, પત્રિકા સોશિયલ મીડિયા પોસ્ટ તથા પ્રેસ નોંધી બનાવી સોશિયલ મીડિયા દ્વારા પ્રસિદ્ધ કરવા સુચના પણ અપાઈ છે.

**વર્ષ 2023માં કેટલી શ્રીજી પ્રતિમાઓનું વિસર્જન કરાયું**

| કૃત્રિમ તળાવ | નાના | મોટા |
|---|---|---|
| નવલખી | 1974 | 268 |
| કુબેરેશ્વર | 2658 | 505 |
| હરણી સમા | 3196 | 540 |
| દશામા | 1267 | 197 |
| માંજલપુર | 498 | 44 |
| કુલ | 9593 | 1568 |
| બંને મળીને | 11,161 | |

### કોને કયુ કૃત્રિમ તળાવ નજીક પડશે

**નવલખી :** નવાપુરા, રાવપુરા, સયાજીગંજ, કારેલીબાગ, સિટી, વાડી કુંભારવાડ

**કુબરેશ્વર એસએસવી -2 :** બાપોદ, વારસીયા, વાડી, પાણીગેટ, કપુરાઇ

**હરણી સમા લિંક રોડ :** હરણી, કારેલીબાગ સમા, છાણી ફતેગંજ, વારસીયા, કુંભારવાડા, ફતેગંજ, છાણી

**ગોરવા દશામા :** ગોરવા,લક્ષ્મીપુરા, ગોત્રી જવાહરનગર, ફતેગંજ

**ખોડિયારનગર :** જીઓ પેટ્રોલ પંપ સામે બાપોદ, વારસીયા, કપુરાઇ, કુંભારવાડા

**લેપ્રસી ગ્રાઉન્ડ સરદાર એસ્ટેટ :** બાપોદ, વારસીયા, પાણીગેટ કપુરાઇ સિટી

**ભાયલી પ્રિયા સિનામા બાજુમા :** ગોત્રી, જેપી અટલાદરા

**માંજલપુર સ્મશાન પાસે :** અટલાદરા, મકરપુરા, માંજલપુર

## સમાના કૃત્રિમ તળાવો પર વિસર્જન માટે તરવૈયા દ્વારા લૂંટફાટ

સ્થાપન કરેલા ગણપતિની પ્રતિમાના વિસર્જન માટે 200 રૂપિયાની માગણી

(પ્રતિનિધિ) વડોદરા તા.11
વડોદરા શહેરમાં ગણેશ ચતુર્થી ઘરે તથા પંડાલોમાં શ્રદ્ધાભેર ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરાયું છે. જેમાં પાંચમા દિવસે ગણેશ વિસર્જન કરવા માટે ભક્તો પાસેથી તરવૈયાઓ દ્વારા લુંટફાટ ચલાવાઇ રહી છે. સમા સહિતના કૃત્રિમ તળાવ પર ઘરમાં સ્થાપન કરાયેલા શ્રીજીનુ વિસર્જન કરવા માટે રૂપિયા 200 માગતા તરવૈયા દ્વારા મંગાતા હોય છે તો પછી યુવક મંડળના મોટા ગણપતિના વિસર્જન માટે કેટલા રૂપિયા માગવામાં આવતા હશે ?

આ કૃત્રિમ તળાવોમાં વિના મુલ્યે ગણપતિની પ્રતિમાની એક રૂપિયો લીધા વિના વિસર્જન કરવાની પાલિકા દ્વારા કરાઇ હોવા છથાં દોઢ, ત્રણ તથા પાંચ દિવસે વિસર્જન કરવા આવનાર સમા સહિતના વિવિધ તળાવો પર ભકતો પાસેથી તરવૈયાઓ દ્વારા રિતસરની લુંટફાટ ચલાવવામાં આવી રહી છે. જેમાં ઘરના શ્રીજી હોય તો પણ 200 રૂપિયા વિસર્જન માટે લેવામાં આવે છે. તો પછી ગણેશ યુવક મંડળના ગણપતિ હશે તો કેટલા વસૂલ કરાતા હશે ? રૂપિયા વસૂલતા હોવાના કારણે ભક્તો સાથે સામાન્ય રકઝક પણ થતી હોય છે. જેથી પોલીસ અને પાલિકા દ્વારા લુંટફાટ ચલાવનાર તૈરવૈયા વિરુદ્ધ પગલા ભરે તેવી માગણી કરાઇ છે.

# ઈન્ચાર્જ પ્રિન્સિપાલે શિક્ષિકાને હાથ પકડી કહ્યું 'હું તમને એક તરફી પ્રેમ કરું છું તમે કેમ ના પાડો છો'

**હું તમને** પ્રેમ કરતી નથી તેમ કહેતા ઈ. પ્રિન્સિપાલે કોઈને આ વાતની જાણ કરશો તો જાનથી મારી નાખીશ તેવી પણ આપી, મોબાઈલથી વિડીયો કોલ કરી પરેશાન કરવાનું શરૂ કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા. 11
વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલી હાઈસ્કૂલમાં નોકરી કરતા શિક્ષિકાને તેમના ઇન્ચાર્જ પ્રિન્સિપાલે રસ્તામાં ઉભા રાખ્યા હતા.ત્યારબાદ તેમનો હાથ પકડી પ્રિન્સિપાલે મેડમ હું તમને એક તરફી પ્રેમ કરું છું તમે મને કેમ ના પાડો છો હાલમાં તો આખો સમાજ આ માર્ગ પર ચાલે છે કહી છેડતી કરી હતી. ત્યારે હું તમને પ્રેમ કરતી નથી તેમ કહી શિક્ષિકાએ હાથ છોડો નહીંતર બુમાબૂમ કરીશ. બાદમાં જો આ વાતની કોઈને વાત કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. શિક્ષિકાએ પ્રેમ સંબંધ રાખવાનો ઈનકાર કરતાં પ્રિન્સિપલે અવારનવાર વિડીયો કોલ કરીને હેરાન કરવાનું શરૂ કર્યું હતું. જેથી મહિલા શિક્ષિકાએ કપૂરાઇ પોલીસ સ્ટેશનમાં પ્રિન્સિપાલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના વાઘોડિયા ડભોઈ રીંગ રોડ પર રહેતી મહિલા વાઘોડિયા તાલુકામાં આવેલી હાઈસ્કૂલમાં શિક્ષીકા તરીકે છેલ્લા 15 વર્ષથી નકોરી કરે છે. હાઈસ્કુલમાં શિક્ષક તરીકે પ્રકાશ દાઉદ પરમાર (રહે,આણંદ) પણ ફરજ બજાવતા હતા. પરંતુ વર્ષ 2023થી તેઓ સ્કુલમાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલના હોદ્દા પર કામ કરે છે. ઈન્ચાર્જ પ્રિન્સિપલ છેલ્લા એક વર્ષથી સ્કુલમાં તથા સ્કુલ છુટયા બાદ મહિલા શિક્ષક ઘરે આવતી હોય ત્યારે રસ્તામાં ઉભી રાખી જણાવતો હતો કે મેડમ હું તમને એકતરફી પ્રેમ કરું ત્યારે મે તેઓને કહ્યું હતું કે હું તમને પ્રેમ કરતી નથી તેમ શિક્ષિકાએ કહ્યું હોવા છતાં તેમની એકટીવાનો પીછો કરતો હતો. જયારે સ્કૂલમાં વેકશન ચાલતુ હોય ઘરે એકલી હતી. ત્યારે પ્રકાશ મારા ઘરે આવી હેરાન કરતો હતો.

ગત 30 માર્ચના રોજ હું સ્કુલથી છુટ્યા બાદ એકટીવા લઈને ઘરે આવતા હતા. ત્યારે પ્રકાશ પરમાર તેની કાર લઈને મારી પીછો કરવા લાગ્યો હતો અને આજવા ચોકડીથી વાઘોડીયા ચોકડી તરફ નેશનલ હાઈવે 48 પરથી પસાર કરી વાઘોડીયા બ્રીજ નીચે જતા હતા ત્યારે સર્વીસ રોડ પર એકટીવા ઉભી રખાવી હતી અને મારો હાથ પકડી મેડમ હું તમને છેલ્લા એક વર્ષથી એક તરફી પ્રેમ કરુ છું. આખો સમાજ હવે આવા જ માર્ગ પર ચાલે છે તમે કેમ ના પાડો છો એવું કહ્યું હતું. ત્યારે પ્રકાશ પરમારને હાથ છોડો નહી તો બુમાબુમ કરીશ અને તમને પ્રેમ કરતી તેમ શિક્ષિકાએ કહ્યું હતું. ત્યારે પ્રકાશે કહ્યું કે, તમે ઘરે જઈને વિચારી કહેજો. ત્યારબાદ પ્રકાશે પરમારે બન્ને વચ્ચે થયેલી વાત કોઈને કરીશ તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. તે બાદ તેની કાર થઈ જતો રહ્યો હતો અને શિક્ષિકાના નંબર પર પ્રકાશ પરમાર અવાર નવાર વીડીયો કોલ તથા ખોટા ફોન કરીને પરેશાન શરૂ કરીને બહાર મળવાનો ખોટો આગ્રહ કરતો હતો. જેથી શિક્ષિકાએ પ્રકાશ પરમાર વિરૂધ્ધમાં જિલ્લા શિક્ષણાપિકારી વડોદરાને મૌખિક તથા લેખિત રજુઆત કરી છે. જે આધારે જીલ્લા શિક્ષણાધિકારીએ પ્રકાશ પરમારને તાત્કાલીક અસરથી ફરજ મૌકુફી પર ઉતારવા તેમજ કાર્યવાહી સુચના આપી હતી. જેથી શિક્ષિકાને જાનથી મારી નાખશે તેઓ ડર લાગતો હોય પ્રકાશ પરમાર વિરૂધ્ધ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## વગર લાયસન્સે સિક્યુરિટી એજન્સી ચલાવનાર સામે ગુનો દાખલ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11
વડોદરા શહેરમાં બિલાડીના ટોપની જેમ સિક્યુરિટી એજન્સીઓ ચલાવી ગાર્ડને નોકરી પર રાખી રહ્યા છે. જેમાં ઘણા સંચાલકો પાસે લાઈસન્સ ન હોવા છતાં તેઓ બિન્દાસ્ત રીતે ગાર્ડોને નોકરી પર રાખતા હોય છે. ત્યારે સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમ દ્વારા આવા લાયન્સન વિના સંચાલકો વિરુદ્ધ લાલ આખ કરી છે.થોડા દિવસ અગાઉ જ હાઈટેન્શન રોડ પરથી વગર લાઈસન્સ સિક્યુરિટી એજન્સી ચલાવતા સંચાલકને ઝડપી પાડવામાં આવ્યો હતો.

શહેરના છેવાડાની બિલ્ડિંગ, સોસાયટી તથા હોટલ રેસ્ટોરન્ટમાં ચાલુ એજન્સી લાઈસન્સ તેમજ ગાર્ડની માહિતી બાબતે એસઓજી દ્વારા ચેકિંગ કરાયું હતું. જેમાં બાતમી મળી હતી કે કલાલી વિસ્તારમાં બિલબોંગ સ્કૂલ પાસે સમનવય સ્પર્સ ખાતે રહેતા મુકેશકુમાર સિંગ એસઆઈએસ લિમિટેડ નામની એજન્સી બ્રાન્ચ ઓફિસ આલ્ફા સ્કવેર બિલ્ડિંગ નિલામ્બર બંગ્લોઝ પાસે વાસણા ભાયલો રોડ ખાતે ધરાવી અને ઓએનજીસી મકરપુરા હજીરા વડે ખાતે સિક્યુરિટી ચલાવે છે.

જેના આધારે એસઓજીની ટીમ મકરપુરા ઓએનજીસી ખાતે હાજર ગાર્ડને ચેક કરી ઓએનજીસીના દિપક રઘુનાથપ્રસાદ નોટિયાલે જણાવ્યા મુજબ તેઓએ મુકેશકુમાર સિંગને કોન્ટ્રાક્ટ આપ્યો છે. જેથી એસઓજીએ નોંધણી બાબતે તપાસ કરતા એજન્સીને લાઈસન્સ બ્રાન્ચમાં ગાર્ડની માહિતી, સિક્યુરિટી ગાર્ડના ફોટો તથા પીસીસી સ્થાનિક તથા વતનના પીસીપી નહી મેળવી ગાર્ડને નોકરી પર રાખી પોલીસ કમિશનરના પત્રનું ઉલ્લંઘન કર્યું છે. જેથી એસઓજીએ સંચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**વડોદરા ફાયર બ્રિગેડની ટીમે આગ ઉપર કાબુ મેળવ્યો**

# મુંબઈ દિલ્હી એક્સપ્રેસવે પર પસાર થતી વખતે કન્ટેનરમાં આગ, ભારે નુકસાન



**મુંબઈથી** નોઈડા વેલ્ડીંગ મશીન વીથ એસેસરીઝનો સામાન ખાલી કરવા કન્ટેનર જઈ રહ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા,તા.11
મુંબઈ દિલ્હી અમદાવાદ એક્સપ્રેસવે પર વહેલી સવારે પસાર થઈ રહેલા કન્ટેનરમાં આગ લાગી હતી. કન્ટેનર મુંબઈથી નોઈડા કંપનીમાં સામાન ખાલી કરવા જઈ રહ્યું હતું. તે વખતે આ ઘટના બની હતી. વડોદરા ફાયરબ્રિગેડની ટીમ તાબડતોડ સ્થળ પર પહોંચી હતી. અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. સદ નસીબે જાનહાનિ થતા ટળી હતી.

વડોદરા શહેર નજીકથી પસાર થતા મુંબઈ દિલ્હી એક્સપ્રેસવે ઉપર કન્ટેનરમાં આગ લાગવાની ઘટના બુધવારે સવારે 07:20 કલાકે બની હતી મુંબઈથી નોઈડા ખાતે જઈ રહેલ કન્ટેનરમાં વેલ્ડીંગ મશીન અને એસેસરીઝનો સામાન હતો અચાનક આગ લાગતા કન્ટેનરમાં રહેલો આ સામાન બનીને ખાખ થઈ ગયો હતો. બનાવની જાણ થતા જ વડોદરા ફાયર બ્રિગેડના જવાનો તાબડ તોડ સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે ચાલક સોહનલાલનો આબાદ બચાવ થયો હતો. સદનસીબે જાનહાની થતા ટળી હતી. પરંતુ ભારે નુકસાન થયું હોવાનું અનુમાન લગાવાયું છે.

**રાવપુરમાં કપડાની દુકાનમાં વહેલી સવારે ભીષણ આગ લાગતા તંત્ર દોડતું થયું**

રાવપુરા સૂર્યનારાયણ મંદિર પાસે નજીકમાં આવેલી એક કપડાની દુકાનમાં આગ લાગી છે.આ વર્ધી મળતાની સાથે જ ફાયર બ્રિગેડના જવાનો તાબડ તોડ ઘટના સ્થળે પહોંચ્યા હતા.જે તપાસ કરતાં રાવપુરા કપડાની દુકાનમાં આગ લાગી હોવાનું જણાવ્યું હતું.જવાનોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.જોકે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

## મેયર અને ચેરમેનની ગેરહાજરીમાં કોર્પોરેટરોની સંકલનની બેઠક મળી

**દક્ષિણ** ઝોનની કચેરી ખાતે ધારાસભ્ય યોગેશ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી

(પ્રતિનિધિ) વડોદરા તા. 11
વડોદરા શહેરના દક્ષિણ ઝોન ની કચેરી ખાતે માંજલપુર વિધાનસભાના વરિષ્ઠ ધારાસભ્ય યોગેશ પટેલ ની અધ્યક્ષતામાં સંકલન ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોર્ડ નંબર 16-17-18-19 ના મ્યુનિસિપલ કાઉન્સિલરો મુખ્યત્વે હાજર રહ્યા હતા. આ સાથે જ મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણા, કાર્યપાલક ઈજનેર, વોર્ડ ઓફિસર્સ સહિત અધિકારીઓએ પણ હાજરી આપી હતી.

સંપૂર્ણ બેઠક બંધ બારણે કરવામાં આવી હતી. દક્ષિણ ઝોનની મહત્વની બેઠકમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષની ગેરહાજરીએ સવાલો ઉભા કર્યા હતા. મહત્વની બેઠકમાં દક્ષિણ ઝોનના વિકાસના કામો વિશે ચર્ચાઓ કરવામાં આવી હતી.

સ્થાયી સમિતિ ના અધ્યક્ષ ડૉ. શીતલ મિસ્ત્રી દ્વારા આપવામાં આવેલ વિવાદાસ્પદ નિવેદન બાબતે મૌન જોવા મળ્યું હતું.ધારાસભ્ય યોગેશ પટેલે મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે મળેલ આ બેઠકમાં દરેક વિભાગના અધિકારીઓ સાથે કાઉન્સિલરોની હાજરીમાં મીટીંગ કરવામાં આવી હતી. જેમાં સ્ટ્રીટ લાઈટ વિભાગ, રોડ વિભાગ, પાણી વિભાગ, ડ્રેનેજ વિભાગ, ગાર્ડન શાખા સહિતના પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મહત્વએ દક્ષિણ ઝોન વિસ્તારોમાં જ્યાં જ્યાં ખાડાઓ છે તેનું નિરાકરણ વેલી તકે આવે તે બાબતે સૂચનો કરવામાં આવ્યા હતા.